અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી હેઠળના નવા નામાભિધાન કરેલ વર્ગ-૧ (નાયબ નિયામક) અને વર્ગ-૨ (સમાજ કલ્યાણ અધિકારી)ના હોદ્દા પ્રમાણે ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે જાહેર કરવા તેમજ જિલ્લા કચેરીઓનું નામાભિધાન કરવા બાબત....

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૪/નામાભિધાન/જ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:- ૨૫/૦૭/૨૦૧૭

2 6 JUL 2017

વંચાણે લીધા:-

(૧) નાણાં વિભાગનો તા:૨૧/૦૭/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: તજર/૧૦૦૫/૨૪૧/ઝ

(૨) નાણાં વિભાગનો તા:૧૧/૦૨/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક: તજર/૧૦૦૫/૨૪૧/ઝ

(૩) નિયામકશ્રી, હિસાબ અને તિજોરીનો તા:૧૬/૦૪/૨૦૧૦નો પરિપત્ર ક્રમાંક: હિતિનિ/ઇડીપી/ઉ.અ.સંજ્ઞા/પરિપત્ર/૩૨૬૯૬૪/૨૦૧૦/૩૫૦૦૭૬

(૪) આ વિભાગના સરખા ક્રમાંકના તા.૦૯/૪/૨૦૧૫નો ઠરાવ

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૫/૦૨/૨૦૧૬નો પત્ર ક્રમાંક:અજાક/મકમ/૭/૨૫૮/૨૦૧૬/ક.

પ્રસ્તાવના:-

વંચાણે લીધેલ ક્રમ-૧માં દર્શાવેલ નાણાં વિભાગના તા:૨૧/૦૭/૨૦૦૫ના ઠરાવથી ઉપાડ અને વહેંચણી અધિકારીઓની સંખ્યા નિયંત્રિત કરેલ છે, જેમાં અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળના વર્ગ -૧ના જિલ્લા પછાત વર્ગ અધિકારી અને તકેદારી અધિકારીને તેમજ વર્ગ-૨ના સમાજ કલ્યાણ અધિકારી, હાઉસ માસ્ટર અને મેનેજરને ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે જાહેર કરેલ છે.

વંચાણે લીધેલ ક્રમ: ૪ ઉપરના આ વિભાગના તા.૦૯/૦૪/૨૦૧૫ના ઠરાવથી વર્ગ-૧ની નાયબ નિયામક, જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અને તકેદારી અધિકારીની સમાન પગાર ધોરણવાળી જગ્યાઓ મર્જ કરી આ જગ્યાઓનું નામાભિધાન નાયબ નિયામક, વર્ગ-૧

તરીકે નક્કી કરવામાં આવેલ છે તેમજ વર્ગ-૨ની સમાજ કલ્યાણ અધિકારી, હાઉસ માસ્ટર, પ્રયોગ કેન્દ્ર સંચાલક તથા મેનેજરની સમાન પગાર ધોરણવાળી જગ્યાઓ મર્જ કરી આ જગ્યાઓનું નામાભિધાન સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૨ નક્કી કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ -૫ ઉપરના તા:૦૫/૦૨/૨૦૧૬ના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના પત્રથી વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓના નવા નામાભિધાન થયેલ હોઈ, ઉક્ત નવા નામાભિધાન પ્રમાણે ઉપાડ અને વહેંચણી અધિકારી તેમજ કચેરીઓનું નામાભિધાન કરવા અંગે દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળના નાયબ નિયામક અને સમાજ કલ્યાણ અધિકારીના હોદ્દાના નવા નામાભિધાન થતાં ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે નીચે મુજબના નવા નામાભિધાન વાળા હોદ્દાને જાહેર કરવામાં આવે છે.

| ક્રમ | જુનુ નામાભિધાન | નવું નામાભિધાન | ઉપાડ અને વહેંચણી અધિકારી નીચે મુજબના નવા નામાભિધાન વાળા અધિકારી રહેશે |
|---|---|---|---|
| ૧ | (૧) નાયબ નિયામક | નાયબ નિયામક(વર્ગ-૧) | ક્રમ (૨) અને (૩) પરના જુના નામાભિધાનવાળા અધિકારીઓ ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકેનો હોદ્દો ધરાવે છે. |
| | (૨) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી | | |
| | (૩) તકેદારી અધિકારી | | |
| ૨ | (૧) સમાજ કલ્યાણ અધિકારી | સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ-૨) | ક્રમ (૨) અને (૪) પરના જુના નામાભિધાનવાળા અધિકારીઓ ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકેનો હોદ્દો ધરાવે છે. |
| | (૨) હાઉસ માસ્ટર | | |
| | (૩) પ્રયોગ કેન્દ્ર સંચાલક | | |
| | (૪) મેનેજર | | |

૨. વધુમાં કચેરીના વડાના હોદ્દાઓનું નવું નામાભિધાન થતાં થયેલ ફેરફારને આધારે કચેરીઓનું નવું નામાભિધાન નીચે મુજબ કરવામાં આવે છે:-

| ક્રમ | જુનુ નામાભિધાન | નવું નામાભિધાન | કચેરીનુ નામાભિધાન નીચે મુજબ બદલવાનુ રહે છે. |
|---|---|---|---|
| ૧ | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી | નાયબ નિયામક(વર્ગ-૧) | નાયબ નિયામક<br>અનુસુચિત જાતિ કલ્યાણ<br>..................(સબંધિત જિલ્લો) |
| ૨ | તકેદારી અધિકારી | નાયબ નિયામક(વર્ગ-૧) | નાયબ નિયામક<br>અનુસુચિત જાતિ કલ્યાણ(તકેદારી)<br>............(સબંધિત જિલ્લો) |
| ૩ | પ્રયોગ કેન્દ્ર સંચાલક | સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ-૨) | સમાજ કલ્યાણ અધિકારી(સેલ)<br>અનુસુચિત જાતિ કલ્યાણ<br>....................(સબંધિત જિલ્લો) |
| ૪ | હાઉસ માસ્ટર | સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ-૨) | સમાજ કલ્યાણ અધિકારી(હોસ્ટેલ)<br>અનુસુચિત જાતિ કલ્યાણ<br>....................(સબંધિત જિલ્લો) |
| ૫ | મેનેજર ડો.બાબાસાહેબ આંબેડકર ભવન | સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ-૨) | સમાજ કલ્યાણ અધિકારી<br>અનુસુચિત જાતિ કલ્યાણ<br>ડો.બાબાસાહેબ આંબેડકર ભવન, ગાંધીનગર |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાંણા વિભાગની તા:૨૨/૦૬/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલેશ શાહ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) ના અંગત સચિવશ્રી, નાંણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી (ક.ગ)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- સર્વે નાયબ નિયામકશ્રી/સર્વે સમાજ કલ્યાણ અધિકારી (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફતે)
- અ, છ, ગ, ખા.ત.એ શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય. ઉકત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ-૨૦૧૭.